અપીલ અરજી નં.૧૭૯ તા.૨૦–૯–૦૮

અરજદારઃ શ્રીરાજપુત વિરેન્દ્રસિંહ કે.
સામાવાળાઃ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ,ન.પ્રા.શિ.સમિતિ

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીરાજપુત વિરેન્દ્રસિંહ કે. ની તા.૨૬–૬–૦૮ ની અરજીથી શાળા ક્રમાંક –૨૩૦ ના ઉ.શિ. શ્રી રાજેશગીરી ધ્વારા તા.૧–૧–૦૮ થી ૩૧–૩–૦૮ સુધી બજાવેલ ફરજના વિવરણની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૯/૨૦૦૮–૦૯

શ્રી રાજપુત વિરેન્દ્રસિંહ કે. ની તા.૨૬–૬–૦૮ ની અરજીથી શાળા ક્રમાંક –૨૩૦ ના ઉ.શિ. શ્રી રાજેશગીરી ધ્વારા તા.૧–૧–૦૮ થી ૩૧–૩–૦૮ સુધી બજાવેલ ફરજના વિવરણની માહિતી આપવા બાબતે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સમિતિના પત્ર જા.નં. ૭૮ તા.૨૨–૮–૦૮થી આપેલ માહિતી અધુરી અને સ્પષ્ટ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૭ તા.૨૫–૯–૦૮ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધકારી ન.પ્રા.શિ.સમિતિને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે શાસનાધિકારીના તા.૨૨–૮–૦૮ ના પત્રથી તેમને પૂરી પાડવામાં આવેલ માહિતી પત્ર અને નકલોની વિગતો રજૂ કરેલ છે. જે મુજબ શાસનાધિકારી તરફથી વિલંબથી સાત મુદ્દાથી માંગેલ માહિતી બાબતે નકલો સહ માહિતી આપ્યાનું જણાય છે. અરજદારે અપીલમાં મળેલ પ્રતિભાવથી નારાજ હદવાનું તથા માહિતી મળેલ નહીં હોવાના બંન્ને વિકલ્પોમાં અપીલનું કારણ દર્શાવેલ છે. તથા સાથે પૂરક પત્રથી મળેલ માહિતીના અનુસંધાને પૂરક પ્રશ્નો મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરી તે અંગેની સ્પષ્ટતા માંગેલ જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ માહિતી તેમણેજ રજુ કરેલ વિગતો મુજબ જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારી ધ્વારા પૂરી પડાયેલ જણાય છે જે તેમણે શંકાપ્રેરક હોવાનું અપીલમાં જણાયેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ નકલો શાસનાધિકારી ધ્વારા પ્રતિ સહી કરીને આપેલ જણાય છે. આમ હકીકતલક્ષી માહિતી અરજદારને મળેલ હોવાનું સ્પષ્ટ થાય છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો શાસનાધિકારીઅને જાહેર માહિતી અધિકારીઓ આગોતરો સમય મેળવી દિન–૭ માં લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર ધ્વારા તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ઈન્સ્પેકશન પુરું પાડી થયેલ કાર્યવાહીની વિગતોની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સમિતિ.......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રાજપુત વિરેન્દ્રસિંહ કે.